જિલ્લા પંચાયત મહીસાગર
જાનં.જિપં/સપસ/વશી-૨૦૭
લુણાવાડા તા.૨૦/૦૧/૨૦૧૭

પ્રતિ,
નાયબ માહિતી નિયામકશ્રી
માહિતી નિયામકશ્રીની કચેરી,
ગોધરા

**વિષય :- જાહેરાત આપવા બાબત.**

જયભારત સહ ઉપરોકત વિષય અનવ્યે જણાવવાનું કે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા આગામી ફેબ્રુઆરી-૨૦૧૭માં યોજાનાર પાંચ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત વર્તમાનપત્રમાં આપવાની થાય છે. જે જાહેરાતનો મુસદો આ સાથ સામેલ છે. જેમાં જણાવેલ વિગતો અગ્રગણ્ય દૈનિક અખબાર ગુજરાત સમાચાર/સંદેશ પૈકી એક અને દિવ્ય ભાસ્કર એમ કુલ બે અખબારોમાં તાત્કાલિક **તા.૨૪/૧/૨૦૧૭**નાં રોજ આવે તે રીતે પ્રસિદ્ધ કરાવવા વિનંતી છે.

**બિડાણઃ-ઉપર મુજબ**

[illegible]
સચિવશ્રી
જિ.પં.સે.પ.સ. અને
ના.જિ.વિ.અધિકારી
મહીસાગર, લુણાવાડા

સચિવ
**જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ**
**અને**
**નાયબ જિલ્લા વિકાસ અધિકારી**
**મહીસાગર-લુણાવાડા**

## જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મહીસાગર

## સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મહીસાગર આગામી ફેબ્રુઆરી-૨૦૧૭ માસમાં જાહેરાત ક્રમાંક:- DPSSC/૩૨/૨૦૧૬-૧૭/૧ થી ૫/૨૦૧૬-૧૭ ની વિવિધ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવનાર છે.આ પરીક્ષા માટે જે તે સંવર્ગની સામે દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન પોતાના **પ્રવેશપત્ર-ક્રમ-હાજરીપત્રક(કોલલેટર-હોલટીકીટ)** અને તેની સાથેની ઉમેદવારો માટેની સૂચનાઓ ઓજસ વેબસાઈટ **https://ojas.gujarat.gov.in** ઉપરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી મેળવી લેવા સબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ | પરીક્ષાનો સમય | કોલલેટર/હોલટીકીટ/પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો સમયગાળો | |
|---|---|---|---|---|
| | | | From | To |
| DPSSC૩૨/૨૦૧૬-૧૭/૨<br>**તલાટી કમ મંત્રી** | તા.૧૨/૦૨/૨૦૧૭<br>રવિવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ૨૫/૦૧/૨૦૧૭<br>૧૫.૦૦ | ૧૨/૦૨/૨૦૧૭<br>૧૧.૦૦ |
| DPSSC૩૨/૨૦૧૬-૧૭/૩<br>**મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુ)** | તા.૧૨/૦૨/૨૦૧૭<br>રવિવાર | ૧૫.૦૦ થી ૧૬.૦૦ | ૦૨/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ | ૧૨/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ |
| DPSSC૩૨/૨૦૧૬-૧૭/૫<br>**ગ્રામસેવક** | તા.૧૮/૦૨/૨૦૧૭<br>શનિવાર | ૧૬.૦૦ થી ૧૭.૦૦ | ૦૮/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ | ૧૮/૦૨/૨૦૧૭<br>૧૬.૦૦ |
| DPSSC૩૨/૨૦૧૬-૧૭/૧<br>**જુનિયર ક્લાર્ક** | તા.૧૯/૦૨/૨૦૧૭<br>રવિવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ૦૧/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ | ૧૯/૦૨/૨૦૧૭<br>૧૧.૦૦ |
| DPSSC૩૨/૨૦૧૬-૧૭/૪<br>**ફિમેલ હેલ્થ વર્કર (સ્ત્રી)** | તા.૧૯/૦૨/૨૦૧૭<br>રવિવાર | ૧૫.૦૦ થી ૧૬.૦૦ | ૦૯/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ | ૧૯/૦૨/૨૦૧૭<br>૧૫.૦૦ |

ઉક્ત સંવર્ગની લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ સંબંધિત પુછપરછ અંગે સમિતિના કંટ્રોલ રૂમના ફોન નંબર **૦૨૬૭૪-૨૫૧૨૪૬** ઉપર કચેરી સમય (**૧૦.૩૦ થી ૧૮.૧૦ સુધી**) દરમ્યાન (જાહેર રજા સિવાય) કરી શકાશે.

જનરલ કેટેગરીના ઉમેદવારો જેમણે પોસ્ટ ઓફીસમાં ફી ભરેલ હોય,તેમ છતાં કોઈ કારણસર કોલલેટર ડાઉનલોડ ન થતો હોય તેવા ઉમેદવારોએ પરીક્ષા ફી ભર્યાના ચલણની અસલ નકલ અને ઓનલાઇન અરજીની પ્રિન્ટ સાથે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મહીસાગરની કચેરી ખાતે જે તે પરીક્ષાની તારીખથી પાંચ દિવસ અગાઉ રૂબરૂ સંપર્ક કરવો.

**ખાસ સુચના:-**

ઉમેદવારોને તથા વાલીઓને અનુરોધ કરવામાં આવે છે કે,પરીક્ષા સબંધી નાણાની માંગણી કરતા લેભાગુ તત્વોની વાતોમાં ફસાઈ ના જાય અને આવી બાબત ધ્યાને આવે તો તેઓ સામે પોલીસ કાર્યવાહી કરે તેવી વિનંતી છે.

**સ્થળ:-** જિલ્લા પંચાયત કચેરી મહીસાગર
મુ.લુણાવાડા,
**તા.** ૨૦/૦૧/૨૦૧૭

**સચિવ**
**જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મહીસાગર**